# <u>બાનાખતના કરારનો દસ્તાવેજ</u>

**લખાવી લેનાર** .

**એકતરફવાળા** ઉંમર આશરે વર્ષ-...., જાતે હિન્દુ, રહેવાસી-

.

(P.A.No.

(Aadhaar Card No.

જેમને આ બાનાખતના કરારમા તમો અગર લખાવી લેનાર અગર એકતરફવાલા એ રીતે સંબોધવામાં આવ્યા છે જે શબ્દના અર્થમાં તમો લખાવી લેનારનો તથા તમો લખાવી લેનારના વંશ વાલી વારસો એસાઈનીઓ એડમીનીસ્ટ્રેટરો એકઝીકયુટરો વીગેરે તમામનો સમાવેશ થાય છે.

**લખી આપનાર બીજીતરફવાળા**

**શેફાયર ડેવલોપર્સ.**

(P.A.No. ACEFS 9640 Q)

એ નામની ભાગીદારી પેઢીની વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર-

**સંજય ચીનુભાઈ શાહ,** ઉંમર આશરે વર્ષ-૫૦, ધંધો વેપાર, જાતે હિન્દુ, ઠેકાણુ-૨૪, શ્રીમાળી સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ.

(Aadhaar Card No. 8437 6842 7682)

જેમને આ કરારમા અમો અગર લખી આપનાર અગર બીજીતરફવાલા એ રીતે સંબોધવામા આવ્યા છે જે શબ્દના અર્થમાં શેફાયર ડેવલોપર્સ, એ નામની ભાગીદારી પેઢીનો તથા તેના હાલના તથા વખતો વખતના ભાગીદારોનો તથા તેઓના એડમીનીસ્ટ્રેટરો એકઝીકયુટરો એસાઈનીઓ વિગેરે તમામનો સમાવેશ થાય છે.

૧.. જત જીલ્લે અમદાવાદ તાલુકે દસક્રોઈના અમદાવાદ-૯ (બોપલ વિભાગ)

ના મોજે બોપલની સીમના જુના સર્વે નંબર-૨૯૯/૧ અને હાલના બ્લોક નંબર-૪૦૫/બ ની જમીન કે જેનો ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નંબર-૩ (બોપલ) માં સમાવેશ થવાથી તેનો ફાઈનલ પ્લોટ નંબર-૧૦૫, ચોરસમીટર-૨૯૧૪ પડેલ છે અને સદર મીલકતનુ વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટ-૧ માં આપેલ છે.

૨.. સદર જુના સર્વે નંબર-૨૯૯/૧ અને હાલના બ્લોક નંબર- ૪૦૫/બ ની જમીનને બદલે ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નંબર-૩ (બોપલ) ની રૂઈએના ફાઈનલ પ્લોટ નંબર-૧૦૫, ચોરસમીટર-૨૯૧૪ ની રહેણાંકના હેતુની બીનખેતીની ખુલ્લી જમીન મજકુર અમૃતભાઈ બાપુભાઈની પાસેથી અમો બીજીતરફવાળા-ભાગીદારી પેઢીએ તારીખ-૩૦/૧૦/૨૦૧૩ ના રોજ વેચાણ રાખેલ અને તેનો વેચાણ દસ્તાવેજ તે જ તારીખે અમદાવાદના બોપલ વિભાગના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૬૩૨૩ થી નોંધવામાં આવેલ અને સદર દસ્તાવેજમાં ૧. કાશીબેન અમૃતભાઈ પટેલ, ૨. દિલીપભાઈ અમૃતભાઈ પટેલ, ૩. દક્ષાબેન દિલીપભાઈ પટેલ, ૪. મૌલિક દિલીપભાઈ પટેલ, ૫. શિવાની દિલીપભાઈ પટેલ, ૬. રણછોડભાઈ અમૃતભાઈ પટેલ, ૭. સાવિત્રી રણછોડભાઈ પટેલ, ૮. સગીર રૂચિ રણછોડભાઈ પટેલ, ના વાલી-રણછોડભાઈ અમૃતભાઈ પટેલ, ૯. સગીર બેબી રણછોડભાઈ પટેલ, ના વાલી-રણછોડભાઈ અમૃતભાઈ પટેલ, ૧૦. ચંદ્રીકાબેન અમૃતભાઈ બાપુભાઈ પટેલની દીકરી એમ સર્વે કન્ફરમીંગપાર્ટી તરીકે સામેલ થયેલા અને સદર દસ્તાવેજ તેઓ સર્વેએ કબુલ રાખેલ અને એ રીતે સદર જમીન વેચાણ રાખી ત્યારથી અમો બીજીતરફવાળા-ભાગીદારી પેઢીના સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામાં આવેલી જેનુ વિગતવાર

વર્ણન નીચે પરિશિષ્ટ-૧ માં આપેલ છે અને સદર નીચે પરિશિષ્ટ-૧ માં જણાવેલ જમીન સરકારી રેકર્ડમાં અમો ભાગીદારી પેઢીના નામે ટ્રાન્સફર કરવામાં આવેલ જે અંગેની એન્ટ્રી સરકારી રેકર્ડમાં ગામ નમુના નંબર-૬ માં તા-૧૮/૧૧/૨૦૧૩ ના રોજ નોંધ નંબર-૯૬૬૩ થી પાડવામાં આવેલ અને સદર એન્ટ્રી પ્રમાણિત કરવામાં આવેલ.

૩.. સદર નીચે પરિશિષ્ટ-૧ માં જણાવેલ જમીનમાં આંતરીક રોડ, કોમન પ્લોટ, સીડી, પેસેજ, માર્જીન, લીફટ રાખીને બ્લોક નંબર-'એ', 'બી', 'સી' અને 'ડી', માં થઈને કુલ છયાંસી ફલેટોની યોજના અમો બીજીતરફવાળા-ભાગીદારી પેઢીએ મુકેલ છે અને સદર યોજના અંગેના પ્લાન ઔડાએ તારીખ-૧૨/૩/૨૦૧૫ ના રોજ ક્રમાંક-પીઆરએમ/૪૨૯/૧૨/૨૦૧૩/૯૦ થી મંજુર કરેલા છે અને સદર યોજના "સ્વપ્નીલ એલાન્ઝા" ના નામથી ઓળખાય છે.

૪.. સદર નીચે પરિશિષ્ટ-૧ માં જણાવેલ જમીનમાં વગર વહેંચાયેલ હકક હીસ્સો તમો એકતરફવાળાએ વેચાણ લેવાનુ નકકી કરેલ (જેનુ વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટ-૨ માં આપેલ છે) તથા "સ્વપ્નીલ એલાન્ઝા" ના નામથી ઓળખાતી યોજના પૈકી બ્લોક નંબર-'......' માં આવેલ રજાચિઠ્ઠી મુજબ ...... ફલોરનો ફલેટ નંબર-...... નુ બાંધકામ (જેનુ વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટ-૩ માં આપેલ છે) તમો એકતરફવાળાએ વેચાણ લેવાનુ નકકી કરેલ તે મીલકત અમો બીજીતરફવાળાએ તમો એકતરફવાળાને કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રૂા. અંકે રૂપિયા

પુરામાં વેચાણ આપવાનુ નક્કી કરેલ અને તેના બાનામાં રૂા.
અંકે રૂપિયા                          પુરા અમો બીજીતરફવાળાએ તમો એકતરફ
વાળા પાસેથી નીચેની વિગતે લીધા છે તે અમો બીજીતરફવાળાને પહોંચ્યા છે.

રૂા.                    અંકે રૂપિયા                                પુરાનો ચેક નંબર-

નો તારીખ-    /    /૨૦૧૭ નો

શાખાનો અમો બીજીતરફવાળાએ

તમો એકતરફવાળા પાસેથી લીધો છે તે.

અને વેચાણ અવેજની બાકીની રકમ આપણ બંનેતરફવાળા વચ્ચે નક્કી થયા મુજબ વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ થાય તે પહેલા તમો એકતરફવાળાએ અમો બીજીતરફવાળાને ચુકતે ચુકવી આપવાની રહેશે.

**૫..** ઉપર પેરા-૩ માં જણાવ્યા મુજબ સદર યોજનાના પ્લાન મંજુર થયા તારીખથી માસ-૩૬ (છત્રીસ) માં સદર યોજનાનુ બાંધકામ સંપૂર્ણ વપરાશલાયક સ્થિતીમાં અમો બીજીતરફવાળાએ અમારા ખર્ચે અને જોખમે કરવાનુ રહેશે અને આ અંગે જરૂરી બી.યુ. પરમીશન પણ અમો બીજીતરફવાળાએ મેળવી આપવાની રહેશે આમ સદર સમય મર્યાદા તે આ લેખની રૂઈએની મુદત ગણાશે તેમ છતા સરકારશ્રી મારફતે જાહેર કરવામાં આવેલ નવા કાયદાઓની જોગવાઈઓના અમલીકરણ બાબતે પ્રવર્તતી અસ્પષ્ટતાને કારણે ઉપરોકત મુદતમાં સદર યોજના પૂર્ણ થઈ શકે નહિં તો તેવા સંજોગોમાં અમો બીજીતરફવાળાએ અદા કરવાની જવાબદારીઓના પાલનઅર્થે આ લેખની મુદત આપોઆપ વધેલી ગણાશે.

૬.. આ લેખની મુદત અંદર સદર વેચાણ આપવાનુ નક્કી કરેલ મીલકતનો પાકો વેચાણ દસ્તાવેજ તમો અમોને કહો તે જ વખતે તમારા નામનો લખી આપી રજીસ્ટર કરી આપીએ અને સદર વેચાણ આપવાનુ નક્કી કરેલ મીલકત અંગે બાકીની અવેજની રકમ નક્કી થયા મુજબ તમો એકતરફવાળાએ અમો બીજીતરફ વાળાને ચુકવી આપવાની રહેશે અને સદર યોજના અંગે બી.યુ. પરમીશન મળેથી સદર વેચાણ આપવાનુ નક્કી કરેલ મીલકતનો તમો એકતરફવાળાને ખાલી અને પ્રત્યક્ષ કબજો સોંપીશુ અને આ લેખથી સદર વેચાણ આપવાનુ નક્કી કરેલ મીલકત કે તેના કોઈ ભાગનો કબજો અમોએ તમોને સોંપેલ નથી.

૭.. આ લેખની મુદત અંદર સદર વેચાણ આપવાનુ નકકી કરેલ મીલકત અંગે બાકીની અવેજની રકમ તમો એકતરફવાળા અમો બીજીતરફવાળાને આપો તેમ છતા અમો બીજીતરફવાળા તમો એકતરફવાળાને વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ ના કરી આપીએ તો તમો એકતરફવાળા કાયદેસર રીતે વેચાણ દસ્તાવેજ કરાવી લેવા હકદાર રહેશો અને આ લેખની મુદત અંદર સદર વેચાણ આપવાનુ નક્કી કરેલ મીલકતનો પાકો વેચાણ દસ્તાવેજ બાકીની અવેજની રકમ નક્કી થયા મુજબ ચુકવવામાં તમો નિષ્ફળ જાવ તો તેવા સંજોગોમાં આ લેખ રદબાતલ જાહેર કરવામાં આવશે અને સદર વેચાણ આપવાનુ નક્કી કરેલ મીલકત અંગે તમો એકતરફવાળાએ અમો બીજીતરફવાળાને જે રકમ ચુકવેલ હોય તે રકમમાંથી બાનાની રકમ ફોરફીટ કરવામાં આવશે જયારે બાકીની રકમ અમો તમોને વગર વ્યાજે પરત આપીશુ અને તે તારીખે આ લેખના અનુસંધાનમાં રદ્દીકરણનો જરૂરી લેખ તમો એકતરફવાળાએ સહી કરી આપવાનો રહેશે અને ત્યારબાદ સદર વેચાણ

આપવાનુ નક્કી કરેલ મીલકત વેચાણ લેવા અંગે તમોને કોઈ હકક રહેશે નહીં અને ત્યારબાદ સદર વેચાણ આપવાનુ નક્કી કરેલ મીલકત અમો બીજીતરફ વાળા કોઈપણ ત્રાહીત વ્યક્તિને વેચાણ, એસાઈન ટ્રાન્સફર કરી શકીશુ.

૮.. સદર "સ્વપ્નીલ એલાન્ઝા" માં બ્લોક નંબર-'...... ' માં તમામ ફલેટો અંગે જે સીડી, પેસેજ, લીફટ મુકવામાં આવે તે સીડી, પેસેજ, લીફટનો એકતરફ વાલાએ અન્ય ફલેટના માલીક કબજેદારો સાથે હર હંમેશ સહીયારે સહમાલીક તરીકે ઉપયોગ કરવાનો રહેશે અને સદર સીડી, પેસેજ, લીફટની સાફસુફી વિગેરે અંગેના ખર્ચમાં તેમજ તેના મેઈનટેનન્સ રીપેર્સ રીકન્સ્ટ્રકશન વિગેરે અંગેના ખર્ચમાં એકતરફવાલાએ હરહંમેશ અન્ય ફલેટ હોલ્ડર સાથે સરખે હીસ્સે ખરચની રકમ આપવાની રહેશે તેમજ સદર સીડી પેસેજમાં ભવિષ્યમાં જે લાઈટો મુકવામાં આવે તેના તથા લીફટના ઈલેકટ્રીક બરનીંગ બીલમાં તથા લીફટમેનના પગારમાં પણ એકતરફવાલાએ હર હંમેશ અન્ય ફલેટ હોલ્ડર સાથે સરખે હીસ્સે ખર્ચની રકમ આપવાની રહેશે.

૯.. સદર "સ્વપ્નીલ એલાન્ઝા" માં બ્લોક નંબર-'......' માં જે છેલ્લુ ધાબુ એટલે કે ટેરેસ રાખવામાં આવે તે ટેરેસનો તમો એકતરફવાળાએ અન્ય ફલેટના માલીક કબજેદારો સાથે હર હંમેશ ખુલ્લા ટેરેસ તરીકે સહીયારે વાપર ઉપયોગ કરવાનો રહેશે.

**૧૦..** સદર "સ્વપ્નીલ એલાન્ઝા" માં પાણી અંગે જે અન્ડરગ્રાઉન્ડ તથા

ઓવરહેડ વોટરટેન્ક બનાવવામાં આવે તેનો એકતરફવાળાએ તમામ ફલેટ હોલ્ડર સાથે સહીયારે ઉપયોગ કરવાનો રહેશે તેમજ પાણી અંગે જે બોર બનાવવામાં આવેલ છે તેનો પણ એકતરફવાલાએ તમામ ફલેટ હોલ્ડરો સાથે સહીયારે ઉપયોગ કરવાનો રહેશે અને પાણી અંગેની ઈલેકટ્રીક મોટરના બરનીંગમાં તથા રીપેરીંગમાં વીગેરેમાં તેમજ બોરના રીપેરીંગ, મેઈનટેનન્સ વીગેરે અંગેના ખર્ચમાં એકતરફ વાલાએ તમામ ફલેટ હોલ્ડર સાથે સરખે હીસ્સે ખર્ચની રકમ આપવાની રહેશે.

**૧૧..** સદર "સ્વપ્નીલ એલાન્ઝા" માં મુકવામાં આવેલ માર્જીનની જમીનમાંથી તમોને હર હંમેશ જવા આવવાના તથા ચાલ નીકાલના હકકો રહેશે તેમજ સદર સહીયારી માર્જીનની જમીનમાંથી તમોને નળ ગટરના પાઈપો તથા ઈલેકટ્રીક ટેલીફોનના દોરડા કેબલ વીગેરે લેવાનો હકક રહેશે.

**૧૨..** સદર "સ્વપ્નીલ એલાન્ઝા" માં બનાવવામાં આવેલ સેલરનો તમો એકતરફવાળાએ તમામ ફલેટ હોલ્ડરો સાથે હર હંમેશ સહમતીથી અને અન્યને અડચણ ના પડે તે રીતે હર હંમેશ પાર્કિંગ સ્પેસ તરીકે ઉપયોગ કરવાનો રહેશે અને ઉપરોકત તમામ હકકો સદર ફલેટનો વેચાણ દસ્તાવેજ થયેથી તમોને પ્રાપ્ત થશે.

**૧૩..** સદર "સ્વપ્નીલ એલાન્ઝા" માં મુકેલ આંતરીક રોડ, સીડી, પેસેજ, માર્જીન તથા અન્ય કોમન એમીનીટીઝના મેઈન્ટેનન્સ વિગેરે અંગે ભવિષ્યમાં સર્વિસ હાઉસીંગ સોસાયટીની રચના કરવામાં આવે ત્યારે તમો એકતરફવાળા તેના ફરજીયાત સભ્ય થવાનુ રહેશે અને સદર સર્વિસ હાઉસીંગ સોસાયટીના નીતી નિયમોનુ તમો એકતરફવાળાએ હર હંમેશ પાલન કરવાનુ રહેશે અને તેવી

સોસાયટી મારફતે ભવિષ્યમાં ઠરાવ કરીને સદર કોમન એમીનીટીઝના મેઈન્ટેનન્સ વિગેરે અંગે દરેક યુનિટદીઠ મેઈન્ટેનન્સ ડીપોઝીટ તરીકે જે રકમ ઉઘરાવવામાં આવે તે રકમ તમો એકતરફવાળાએ મજકુર સોસાયટીને જુદી ચુકવવાની રહેશે અને આમ તેવી મેઈન્ટેનન્સ ડીપોઝીટની કોઈ રકમ અમો બીજીતરફવાળાએ હાલમાં નક્કી કરેલ નથી કે તમો એકતરફવાળા પાસેથી લીધેલ પણ નથી આમ સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકતનો વેચાણ દસ્તાવેજ થયેથી પ્રત્યક્ષ કબજો તમો એકતરફવાળાને સોંપવામાં આવે તે તારીખથી સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકતના મેઈન્ટેનન્સ વિગેરે અંગેની સંપૂર્ણ જવાબદારી તમો એકતરફવાળાની રહેશે.

**૧૪..** સદર “સ્વપ્નીલ એલાન્ઝા” માં આવેલ ફલેટ નંબર-....../...... વાળી મીલકત અંગે કુદરતી આફતો તથા ધરતીકંપ તથા અન્ય નીયત કરેલ તમામ પરિબળો હેઠળ ઈન્સ્યોરન્સ લેવા અંગેની તમામ જવાબદારી તમો એકતરફવાળાની છે અને રહેશે અને આ અંગે પ્રિમીયમની જે કાંઈ રકમ ભરવાની આવે તે પણ તમો એકતરફવાળાએ ભરવાની રહેશે.

**૧૫..** સદર નીચે પરિશિષ્ટ-ઉ માં જણાવેલ મીલકતનો વેચાણ દસ્તાવેજ થયેથી તમારે હર હંમેશ ફકત રહેઠાણ માટે જ ઉપયોગ કરવાનો રહેશે એટલે કે સદર મીલકતનો વાણિજય, વેપાર કે વ્યવસાયઅર્થે ઉપયોગ કરી શકાશે નહીં તેમજ સદર વેચાણ આપવાનુ નકકી કરેલ મીલકતનો ગેસ્ટ હાઉસ, પેઈન્ગ ગેસ્ટ તરીકે પણ ઉપયોગ કરી શકાશે નહીં.

**૧૬..** સદર વેચાણ આપવાનુ નક્કી કરેલ મીલકત અંગે આજ અગાઉ સર્વિસ ટેક્ષ, વેટ અન્વયે વેરાની જે કાંઈ રકમ સરકારશ્રીને અમો બીજીતરફવાળાએ ચુકવેલ હોય તે રકમ તમો એકતરફવાળાએ અમો બીજીતરફવાળાને જુદી ચુકવી દેવાની રહેશે અને તેવી રકમ સદર વેચાણ આપવાનુ નક્કી કરેલ મીલકત અંગે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ થાય તે પહેલા તમારે અમોને ચુકવી દેવાની રહેશે અને સદર વેચાણ આપવાનુ નક્કી કરેલ મીલકત અંગે જીએસટી અન્વયે વેરાની જે રકમ વખતો વખત અમો બીજીતરફવાળા સરકારશ્રીને ચુકવીએ તે રકમ પણ તમો એકતરફવાળાએ અમો બીજીતરફવાળાને જુદી ચુકવી દેવાની રહેશે.

**૧૭..** સદર નીચે પરિશિષ્ટ-૩ માં જણાવેલ મીલકતનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવવાનું તમામ ખર્ચ સ્ટેમ્પ, રજી.ફી, વકીલ ફી તથા અન્ય લીગલ ખર્ચ જે થાય તે તમો એકતરફવાળાએ ભોગવવાનુ રહેશે.

**૧૮..** રીયલ એસ્ટેટ (રેગ્યુલાઈઝેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ ૨૦૧૬ ની કલમ-૩ ની જોગવાઈ મુજબ સદર "સ્વપ્નીલ એલાન્ઝા" ના નામથી ઓળખાતી યોજનાની તારીખ- ના રોજ નંબર-
થી નોંધણી કરાવવામાં આવેલ છે.

**૧૯..** સદર યોજનાના જમીનના ટાઈટલ ડીડઝ, બાંધકામ અંગેના પ્લાન, બીનખેતીની પરમીશન તથા જરૂરી સરકારી પરવાનગીઓની તમો એકતરફ વાળાએ જાણકાર વ્યક્તિ મારફતે ખાત્રી અને ચકાસણી કરી કરાવી લીધેલ છે

અને તે અંગે તમોને પુરતો સમય તથા યોગ્ય તક અમો બીજીતરફવાળા મારફતે આપવામાં આવેલ અને તે બાબતે તમોને કાંઈપણ વાંધા તકરાર નથી તેમજ તમો કાંઈપણ વાંધા તકરાર કરો તો તે રદ છે તેમજ સદર વેચાણ આપવાનુ નક્કી કરેલ મીલકતનુ બાંધકામ, બાંધકામમાં વપરાયેલ મટીરીયલ, સેનેટરી ફીટીંગ્સ, ઈલેકટ્રીક વાયરીંગ, નળ ગટરના જોડાણો તથા અન્ય વસ્તુઓની તમોએ તમારા એન્જીનીયર મારફતે ખાત્રી અને ચકાસણી કરી કરાવી લીધેલ છે અને આ અંગે તમોને પુરતો સમય તથા યોગ્ય તક આપવામાં આવેલ આથી તે અંગે તમોને સંતોષ છે અને ત્યારબાદ જ સદર મીલકત તમોએ વેચાણ લેવાનુ નક્કી કરેલ છે તેમજ સદર યોજના અંગે બાંધકામ અંગેનુ જે સ્પેસીફીકેશન નક્કી કરેલ છે, જેની યાદી તમોએ વાંચી સમજી લીધેલ છે અને તેવા સ્પેસીફીકેશન મુજબના બાંધકામ અંગે ચાલુ યોજના દરમ્યાન કોઈપણ મેન્યુફેકચરીંગ કંપની બંધ થઈ જાય અને તેને કારણે અન્ય કંપનીનુ મટીરીયલ મંગાવવામાં આવે અને તેને કારણે કલર શેડ કે કવૉલીટીમાં કોઈપણ ફેર પડે તો તે અંગે ભવિષ્યમાં તમો એકતરફવાળાએ કોઈ વાંધો તકરાર લેવાનો નથી.

આ બાનાખતના કરારનો દસ્તાવેજ આપણ બંનેતરફવાલાએ આપણી રાજીખુશીથી તથા અકકલ હોશીયારીથી કરેલ છે તે આપણ બંનેતરફવાલાને તથા આપણ બંનેતરફવાલાના વંશ વાલી વારસોને કબુલ મંજુર સહી છે.

## <u>પરિશિષ્ટ-૧</u>

જત જીલ્લે અમદાવાદ તાલુકે દસક્રોઈના અમદાવાદ-૯ (બોપલ વિભાગ) ના મોજે બોપલની સીમના જુના સર્વે નંબર-૨૯૯/૧ અને હાલના બ્લોક નંબર-

૪૦૫/બ ની જમીન કે જેનો ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નંબર-૩ (બોપલ) માં સમાવેશ થવાથી તેનો ફાઈનલ પ્લોટ નંબર-૧૦૫, ચોરસમીટર-૨૯૧૪ પડેલ છે.

સદર મીલકતના ખુંટચારની વિગત.....

પૂર્વે : બ્લોક નંબર-૩૯૬ અને ફાઈનલ પ્લોટ નંબર-૯૮.

પશ્ચિમે : ૯.૦૦ મીટરનો ટી.પી. રોડ મુકીને બ્લોક નંબર-૩૯૩ અને ફાઈનલ પ્લોટ નંબર-૧૦૦.

ઉત્તરે : બ્લોક નંબર-૪૦૫/અ અને ફાઈનલ પ્લોટ નંબર-૯૯.

દક્ષિણે : બ્લોક નંબર-૪૦૭/અ તથા ૪૦૭/બ અને ફાઈનલ પ્લોટ નંબર-૧૦૬.

## <u>પરિશિષ્ટ-૨</u>

જત જીલ્લે અમદાવાદ તાલુકે દસક્રોઈના અમદાવાદ-૯ (બોપલ વિભાગ) ના મોજે બોપલની સીમના જુના સર્વે નંબર-૨૯૯/૧ અને હાલના બ્લોક નંબર-૪૦૫/બ ની જમીન કે જેનો ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નંબર-૩ (બોપલ) માં સમાવેશ થવાથી તેનો ફાઈનલ પ્લોટ નંબર-૧૦૫, ચોરસમીટર-૨૯૧૪ પડેલ છે તે જમીન પૈકી વગર વહેંચાયેલ ચોરસમીટર-........ ના હકક હીસ્સાની જમીન.

## <u>પરિશિષ્ટ-૩</u>

જત જીલ્લે અમદાવાદ તાલુકે દસક્રોઈના અમદાવાદ-૯ (બોપલ વિભાગ) ના મોજે બોપલની સીમના જુના સર્વે નંબર-૨૯૯/૧ અને હાલના બ્લોક નંબર-૪૦૫/બ ની જમીન કે જેનો ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નંબર-૩ (બોપલ) માં સમાવેશ થવાથી તેનો ફાઈનલ પ્લોટ નંબર-૧૦૫, ચોરસમીટર-૨૯૧૪ પડેલ છે તે

જમીનમાં "સ્વપ્નીલ એલાન્ઝા" માં બ્લોક નંબર-'બી'માં રજાચિઠ્ઠી મુજબ ........ ફલોરનો ફલેટ નંબર-........, ચોરસફુટ-........ યાને ચોરસમીટર-........ બિલ્ટઅપ એરીયા અને ચોરસમીટર-........ કાર્પેટ એરીયાના બાંધકામવાળી મીલકત આથી વેચાણ આપવાનુ નક્કી કરેલ છે.

ફલેટ નંબર-......./........ ના ખુંટચારની વિગત.....

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

એ રીતે ખુંટચાર વચલી મીલકત અસલ હદ હકકો મુજબની તમામ.

આજરોજ તારીખ- માહે- સને-૨૦૧૭ ના દિને.

અતરે-------------------------------મતુ અતરે---------------------શાખ.

**<u>લખી આપનારની સહી.</u>** -------------------------

શેફાયર ડેવલોપર્સ, એ નામની ભાગીદારી
પેઢીની વતી અને તરફથી તેના -------------------------
વહીવટકર્તા ભાગીદાર-

--------------------------------

**<u>લખાવી લેનારની સહી.</u>**